INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　　　　　　　તા. ૧૭-૦૮-૨૦૨૨

મહિલા સશક્તિકરણ અંગે પ્રધાનમંત્રીશ્રીનું સુંદર ભાષણ અને બીજા જ દિવસે જઘન્ય અપરાધ - બળાત્કારના આરોપીઓને ગુજરાતની ભાજપ સરકાર માફી આપવાના પ્રકરણ અંગે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા રાજ્યસભાના સાંસદશ્રી અમીબેન યાજ્ઞિકે જણાવ્યું હતું કે, પંદરમી ઓગસ્ટે જ્યારે પ્રધાનમંત્રીશ્રીએ લાલકીલ્લા ઉપરથી ભાષણ આપ્યું અને દેશને સંબોધન કર્યું ત્યારે ઘણા બધા મુદ્દા ઉપર દરવખતની જેમ એમણે વિશેષ રૂપથી અને ડીટેઈલમાં ગર્વમેન્ટ, પોતે શું ઈચ્છી રહી છે અને શુ કરશે એના ઉપર વિસ્તારમાં વાત હતી. સૌથી અગત્યની અને ધ્યાન ખેંચે - આકર્ષે એવી હતી તો તે વાત મહિલા સશક્તિકરણની હતી અને જ્યારે ઘણા વખતથી  એમણે આઝાદી કા અમૃત મહોત્સવ જ્યાં પણ તમે જાવ અને સરકારી ચોપાનીયા જુવો, કેલેન્ડર જુઓ, તમે પ્લેનમાં ટ્રાવેલ કરતાં હોવ તો ત્યાં પણ તમને બતાવવામાં આવે છે કે આઝાદી કા અમૃત મહોત્સવ આપણે ઉત્સવ ઉજવી રહ્યાં છીએ. ૭૫ વર્ષની આ આઝાદી પણ સશક્તિકરણની વાત એમણે સ્વયંમ લાલકીલ્લા પરથી કરી રહ્યાં છે અને દેશ - દુનિયા જોઈ રહી છે ત્યારે એમણે એમ કહ્યું કે, રાષ્ટ્રના નિર્માણમાં મહિલાઓનું બહુમોટુ યોગદાન છે, મહિલા સશક્ત હોય તો એ દેશ પણ સશક્ત બને છે પણ એના માટે મહિલા સશક્તિકરણ હોવુ જરૂરી છે. મહિલાનું માન જાળવવુ, રીસ્પેક્ટ આપવી, મહિલાને ડીગ્નીટી આપવી એમાંજ મહિલા શક્તિ રહેલી છે. જો એ મહિલા શક્તિ દેશના નિર્માણના કામમાં ન આવે તો એનો મતલબ શું ? એના માટે એમણે એના ઉપર બહુ જ ભાર મુક્યો કે, વિસ્તાર પૂર્વક મહિલા સશક્તિકરણની વાત કરી. પહેલા ઘણી વખત સંબોધન કરતા સશક્તિકરણની વાત કહી છે. બેટી બચાવો બેટી પઢાઓ, દિકરીને આગળ વધારો, દિકરીને સંરક્ષણ આપો, સુરક્ષીત રાખો અને એ માટે એમણે પંદરમી ઓગસ્ટે એમણે જે કહ્યું ત્યારે મને એવુ લાગુ કે, ૭૫માં વર્ષે આઝાદીમાં જ્યારે પ્રધાનમંત્રી બોલે છે ત્યારે કે મારે આજે એમને પ્રાધાન્ય આપવું જોઈએ અને જે મારી બહેનો છે, દેશની દિકરીઓ છે, દેશની મહિલા છે એને સશક્ત કરવી જરૂરી છે અને સમય આવી ગયો છે, મહિલાને તમે માન નહીં આપો, આ દેશની મહિલા સશક્ત નહી થાય તો રાષ્ટ્ર નિર્માણ નહી થઈ શકે. મહિલા માટે સશક્તિકરણના પગલા લેવામાં આવશે તેવુ કહેનાર બીજા દિવસે જ્યારે ગુજરાત ભાજપ સરકાર એટલે કે જે રાજ્યમાં હાલના પ્રધાનમંત્રીજી મુખ્યમંત્રી તરીકે રહી ચુક્યા છે અને ઘણી વાતો એમણે ગવર્નન્સ મોડેલમાં કહી હોય એ રાજ્યમાં બીજા દિવસે ૧૧ જણને જેમને જન્મટીપ થઈ હોય અને એવા કેસ માટે ગોધરાકાંડ પછી એક એવી મહિલા સાથે ગેંગ રેપ થયો હોય, એની સામે ત્રણ વર્ષની બાળકીને મારી નાખવામાં આવી હોય અને એની સામે જ બીજા પરિવારના સભ્યોનું ખુન થયું હોય, અને જે કેસમાં સજા થઈ હોય એવી મહિલાના કેસમાં બીજા જ દિવસે જેલમાંથી સજા પુરી કરી દેવામાં આવી, છોડી મુકવામાં આવ્યાં. શું આ છે ભાજપા સરકારની મહિલા સશક્તિકરણ નીતિ ? જવાબ આપો.

દેશના પ્રધાનમંત્રીશ્રી ૧૫મી ઓગસ્ટે મહિલા સશક્તિકરણની સરસ વાત કરી અને બીજા જ દિવસે ગુજરાતની ભાજપ સરકાર સામૂહિક બળાત્કારના આરોપીઓને માફી આપે, શું આ છે ભાજપા સરકારની મહિલા સશક્તિકરણ નીતિ ? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી જેનીબેન ઠુંમરે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં જે રીતના મહિલા પરના અત્યાચારોના આંકડા સામે આવ્યા છે તે ખુબ ગંભીર બાબત છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં ૩૭૯૬ બળાત્કારની ઘટના બની છે, ૬૧ મહિલાઓના ગેંગરેપની ભોગ બની છે, ૮૦૨૮ મહિલા અત્યાચારની ગંભિર ઘટનાઓ બની છે. આ તો નોંધાયેલા ગુન્હાઓની વાત છે. ન નોંધાયેલા ગુન્હાઓનો ઘણા વધુ છે. મહિલાઓ પ્રત્યેની વાત છે, મહિલાઓના સન્માન માટેની વાત છે, મહિલાઓના સુરક્ષા માટેની વાત છે અને મહિલાઓને રાજ્યમાં અને દેશમાં પોતાનું ભવિષ્ય કે પોતાની સુરક્ષા કેવી રીતે થશે તેની વાત છે. મહિલાઓની ડીગ્નીટી, મહિલાઓના સન્માનની વાત. જે ગુજરાતમાં ૨૦૦૨માં ગોધરા હત્યાકાંડ થયો તે પછી બિલ્કીસ બાનુનો કેસ થયો, જે પાંચ મહિનાની ગર્ભવતી તેના ઉપર ગેંગ રેપ થયો, ૧૧ જણાએ જેમાં બે સગા ભાઈઓ હતા, સાહુમિક ૧૧ જણાએ ગેંગ રેપ કર્યો, બળાત્કાર કર્યો, એટલુ જ નહી એને ત્યાં તડપતી છોડી દેવામાં આવી, ત્રણ કલાક સુધી બિલ્કીસબાનુ ત્યા તડપતી રહી. તેના પછી પણ ના અટક્યા, ઘરના ૭ પરિવારજનોની હત્યાઓ કરવામાં આવી, એમાં એના ત્રણ બાળકો પણ હતા. આટલો ગંભીર ગુન્હો થયો, ત્યારે આ ગુજરાતને વિકાસનું મોડેલના નામે દેશના સત્તા સુધી માનનીય તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના પ્રધાનમંત્રીશ્રી નારી સુરક્ષાની વાત કરી, નારી સશક્તિકરણની વાત કરી, માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ખુબ જ સુંદર વાતો કરી. પણ દર વખતની જેમ આ વખતે પણ ફક્ત સુંદર વાતો જ છે. ગુજરાતના વિકાસ મોડેલના નામે આખા દેશમાં ડંકો વગાડીને સત્તા સુધી પહોંચ્યા એ જ રાજ્યમાં બીજા જ દિવસે આટલો ગંભીર કેસ હતો, ૧૧ ગુન્હેગારો કે જેમને સજા થયેલી છે, સુપ્રિમ કોર્ટે સજા આપેલી હતી, તેમને છોડી દેવામાં આવે, સજા માફ કરવામાં આવે ત્યારે સ્વાભાવિક પ્રશ્ન થાય કે ૧૫મી ઓગસ્ટે દેશના પ્રધાનમંત્રીશ્રી મહિલા સશક્તિકરણની વાત કરે છે અને બીજી બાજુ ગુજરાતની ભાજપ સરકાર સામુહિક બળાત્કારના આરોપીઓને સજા માફી આપે છે. આ છે ભાજપની મહિલા સશક્તિકરણનો અસલી ચહેરો.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા